# કોસ્મો ફર્સ્ટે ઝિગ્લીના પેટ કેર ડિવિઝનના સીઇઓ અને કોર્પોરેટ ડેવલપમેન્ટના વડા તરીકે સૌરભ જૈનની નિમણૂંક કરી

**નવી દિલ્હી, 30 ડિસેમ્બર, 2025:** ફિલ્મ્સ, શીટ્સ એન્ડ કન્ટેનર્સ, પેટ કેર, કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને સ્પેશિયાલિટી કેમિકલ સહિતના વિવિધ ડોમેનમાં કામગીરી ધરાવતા કોસ્મો ફર્સ્ટે તેના પેટ કેર ડિવિઝન ઝિગ્લીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઇઓ) અને કોર્પોરેટ ડેવલપમેન્ટ હેડ તરીકે સૌરભ જૈનની નિમણૂંક કરી છે.

ઝિગ્લીના સીઈઓ તરીકેની નવી ભૂમિકામાં સૌરભ જૈન બિઝનેસના વિસ્તરણ તથા કંપની માટે વૃદ્ધિના આગામી તબક્કાને આકાર આપવાની જવાબદારી સંભાળશે. સૌરભ કોસ્મો ફર્સ્ટ ખાતે કોર્પોરેટ ડેવલપમેન્ટ પહેલને પણ આગળ ધપાવશે તેમજ રણનીતિ અને વૃદ્ધિ સંબંધિત કામગીરી ઉપર દેખરેખ રાખશે, જેમાં ભવિષ્યમાં ગ્રૂપ દ્વારા મર્જર અથવા એક્વિઝિશનની સંભાવનાઓનો સમાવેશ થાય છે. તેઓ કોસ્મો ફર્સ્ટના ગ્રુપ સીઈઓ પંકજ પોદ્દાર અને ગ્રુપ સીએફઓ નીરજ જૈન સાથે મળીને કામ કરશે.

**આ નિમણૂંક અંગે પ્રતિક્રિયા આપતાં કોસ્મો ફર્સ્ટના ગ્રુપ સીઈઓ પંકજ પોદ્દારે** કહ્યું હતું કે, *"કોસ્મો ફર્સ્ટ ખાતે લીડરશીપ ટીમના ભાગ રૂપે સૌરભ જૈનનું સ્વાગત કરતાં અમને આનંદ થાય છે. એક અનુભવી લીડર તરીકે સૌરભ પાસે તેમની કારકિર્દીમાં જટિલ બિઝનેસની કામગીરીનું સફળતાપૂર્વક નેતૃત્વ અને સંચાલન કરવાનો બેજોડ ટ્રેક રેકોર્ડ છે. અમને વિશ્વાસ છે કે તેમની લીડરશીપ લાંબા ગાળે ગ્રુપમાં અર્થપૂર્ણ મૂલ્ય લાવશે."*

સૌરભ જૈન પાસે પેકેજિંગ ફિલ્મ ઇન્ડસ્ટ્રી, ઇન્વેસ્ટમેન્ટ બેંકિંગ અને કોર્પોરેટ વ્યૂહરચનામાં 16 વર્ષથી વધુનો સમૃદ્ધ અનુભવ છે. આ પહેલાં તેઓ જિંદાલ ફિલ્મ્સ સાથે ગ્લોબલ સીઈઓ (ઓવરસીઝ બિઝનેસ) અને એસબી પેકેજિંગ, વોડહાઉસ કેપિટલ, રેલિગેર કેપિટલ માર્કેટ્સ અને જેપી કેપિટલ સહિત અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા છે.

**નવી ભૂમિકા અંગે કોસ્મો ફર્સ્ટના કોર્પોરેટ ડેવલપમેન્ટના વડા અને ઝિગ્લીના સીઈઓ સૌરભ જૈને કહ્યું હતું કે,** *"કોસ્મો ફર્સ્ટ સાથે જોડાતા હું ઉત્સાહિત છું. કંપનીએ તમામ બિઝનેસમાં વૈશ્વિક ધોરણો સ્થાપિત કર્યા છે. આ નવી ભૂમિકામાં હું મારા વૈવિધ્યસભર અનુભવનો ઉપયોગ સંસ્થાના લાંબા ગાળાના વ્યૂહાત્મક લક્ષ્યોમાં નોંધપાત્ર યોગદાન આપવા અને નવી વૃદ્ધિની તકો ખોલવા માટે ઉત્સુક છું."*

સૌરભ જૈને દિલ્હીની ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (એફએમએસ)માંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર ડિગ્રી અને દિલ્હી કોલેજ ઓફ એન્જિનિયરિંગમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટની ડિગ્રી મેળવી છે.

**About Cosmo First Ltd.:**

Established in 1981 by Mr Ashok Jaipuria, Cosmo First Limited is an over four-decade-old global conglomerate. Its consumer vertical comprises Cosmo Consumer, which is into Window Films, Paint Protection Films & Ceramic Coatings for automobiles, and Zigly Pet Care, which provides a digital-first omni channel pet care ecosystem. Its industrial vertical includes Cosmo Films for specialty films for packaging, labels, lamination, and industrial applications; Cosmo Speciality Chemicals for coatings, adhesives and masterbatches, and Cosmo Plastech for rigid packaging. With sustainable innovation, development, and research embedded in its core values, Cosmo First serves customers in 100+ countries.

**About Zigly:**

Zigly is a leading omnichannel ecosystem for pet care, offering comprehensive Veterinary care, best-in-class pet spa and grooming services, pet fashion, pet food, and more. With multiple Petcare centres across India, including Delhi, Gurgaon, Noida, Bangalore, Secunderabad, Hyderabad, Lucknow, Jaipur, Indore, Dehradun, Chandigarh, Panchkula, Amritsar, Ahmedabad, Ludhiana, Jalandhar, Mumbai and Pune, Zigly is expanding its physical presence by opening new centres in other major cities. As a direct-to-consumer (D2C) pet care brand under the umbrella of Cosmo First, Zigly is committed to providing innovative solutions for Pet Parents. Visit your nearest Zigly Pet Care centre, log on to www.zigly.com, or download the Zigly App to discover the Zigly experience today.